## ભાટિયા ચેકપોસ્ટના બેરિકેડ ઉડાવી ટ્રક ડિવાઈડર પર ચડાવી દીધી

**પોલીસ** કંટ્રોલ રૂમનો પોલ નમી ગયો, એટલું જ નહીં બે કેમેરા, લેન્સ પણ તૂટી ગયા

સુરતઃ ભાટિયા ચેકપોસ્ટ પાસે મૂકેલા બેરિકેડ રવિવારે સવારે બેફામ દોડતી ટ્રકે ઉડાવી દીધા હતા. બેકાબૂ બનેલી ટ્રકના ચાલકે ડિવાઈડર પર ચડાવી સુરત શહેર પોલીસ કંટ્રોલ રૂમના સીસીટીવી કેમેરાના લોખંડી પોલને જોરદાર ટક્કર મારી બે લાખનું નુકસાન કરતાં પોલીસ જ આ બનાવમાં ફરિયાદી બની છે.

સચીન પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા ૪૪ વર્ષીય સંજયભાઈ લક્ષ્મણભાઈ વસાવાએ સચીન પોલીસ સ્ટેશનમાં અકસ્માત અને જાહેર મિલકતને નુકસાન અંગેની ફરિયાદ નોંધાવી છે. તેમણે તેમની ફરિયાદમાં જણાવ્યું છે કે, તારીખ ૩૧/૦૫/૨૦૨૬ના રોજ સવારે આશરે સાડા દશેક વાગ્યે આ ઘટના બની હતી.

કડોદરા ખાતે આવેલી નાકોડા ટ્રાન્સપોર્ટ સર્વિસ પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં ડ્રાઈવિંગ કરતા અને મૂળ ઉત્તર પ્રદેશના આઝમગઢના વતની ૨૯ વર્ષીય દિનેશ સુરેશ યાદવ ટ્રક નંબર GJ-16-AW-4631) લઈને સચીન તરફથી પસાર થઈ રહ્યો હતો.

તે દરમિયાન તેણે ભાટિયા ચેકપોસ્ટની સામે મૂકેલા બેરિકેડ તેણે ઉડાવી દીધા બાદ ટ્રક ડિવાઈડર પર ચઢાવી દીધી હતી. ડિવાઈડર પર સુરત શહેર પોલીસ કંટ્રોલ રૂમ દ્વારા સુરક્ષાના ભાગરૂપે લગાવવામાં આવેલો સીસીટીવી કેમેરાનો પોલ આવેલો હતો, જેની સાથે ટ્રક ધડાકાભેર અથડાઈ હતી. ટ્રકની ટક્કર એટલી જોરદાર હતી કે સીસીટીવીનો લોખંડી પોલ નમી ગયો હતો અને તેની પર ફિટ કરેલા અત્યાધુનિક બે કેમેરા, કેમેરાના મોંઘા લેન્સ તથા આઉટર હાઉસિંગ તૂટીને જમીનદોસ્ત થઈ ગયા હતા.

## રૂપિયા ૩.૩૨ લાખના ગાંજા કેસમાં દસ વર્ષની સજા


**અન્ય** બે આરોપીને શંકાનો લાભ મળ્યો, એનડીપીએસ કોર્ટનો ચુકાદો

સુરતઃ મહિધરપુરા પોલીસ સ્ટેશને તા.૨૧/૦૮/૨૦૨૩ના રોજ આરોપી રંજન ઉર્ફે પપ્પુ ત્રિનાથ ગૌડા, કાનહુ ઉર્ફે કનૈયા સંન્યાસી પ્રધાન, બીચીત્ર પ્રધાન ઉર્ફે કાલિયા બન્યુ પ્રધાન(ઓરિસ્સા) વિરુદ્ધ ધી નાર્કોટીક્સ ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપીક સબસ્ટન્સિઝ એક્ટ સને ૧૯૮૫ની કલમ-૮(સી), ૨૦(બી)(ii)(સી), ૨૯ મુજબનાં ગુનાની ફરિયાદ નોંધાઈ હતી. આ કેસમાં પોલીસે ૩૩.૨૧ કિલો ગ્રામ ગાંજા(કિંમત રૂ.૩,૩૨,૧૦૦) સહિત કુલ્લે રૂ.૩,૩૮,૮૯૦ની મત્તા કબજે કરી હતી. આરોપીઓ ગાંજો વેચવા આવતાં સુરત રેલવે સ્ટેશન સામેથી ઝડપાયા હતા. આરોપીઓ સામે પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ કેસની ન્યાયિક કાર્યવાહી સ્પેશિયલ એનડીપીએસ કોર્ટમાં ચાલી હતી. ફરિયાદ પક્ષે સરકારી વકીલ જીતેન્દ્ર પારડીવાલાએ દલીલ કરી હતી. બંને પક્ષકારોની રજૂઆત બાદ કોર્ટે આરોપી રંજન ઉર્ફે પપ્પુને ૧૦ વર્ષની સજા અને એક લાખનો દંડ ફટકાર્યો હતો. જ્યારે અન્ય બે આરોપીને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કર્યો હતો.

## સુરત સ્ટેશન પર રેલનીરની 14 રૂપિયાની બોટલના 20 વસૂલાય છે

**પ્લેટફોર્મ** નંબર-3 પર આવેલા સ્ટોલધારકને ફરિયાદ કરી તો મુસાફરને ઉડાઉ જવાબ આપ્યો

**મુસાફરે** સમગ્ર વાત સોશિયલ મીડિયા પર મૂકી દેતાં DRM કચેરીએ તપાસનો આદેશ આપ્યો




સુરત : સુરત રેલવે સ્ટેશન પર મુસાફરો પાસેથી વસ્તુઓના નિર્ધારિત ભાવ કરતા વધુ કિંમત વસૂલાઇ હોવાની એક ફરિયાદ સામે આવતા તંત્ર હરકતમાં આવ્યું છે.

મળતી માહિતી મુજબ, મુસાફર અર્પિત મહેતાએ સોશિયલ મીડિયાના માધ્યમથી સુરત રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર-3 ઉપર આવેલી એક સ્ટોલ સામે ઓવર ચાર્જિંગનો આક્ષેપ કર્યો છે.

મુસાફરે જણાવ્યું હતું કે, તેમણે સ્ટેશન પરથી 'રેલ નીર'ની એક બોટલ ખરીદી હતી, જેની એમઆરપી (MRP) 14 રૂપિયા હતી, પરંતુ સ્ટોલ સંચાલકે તેમની પાસેથી 20 રૂપિયા વસૂલ્યા હતા. જ્યારે મુસાફરે આ બાબતે સ્ટોલ સંચાલકને પૂછપરછ કરી, ત્યારે તેમણે સંતોષકારક જવાબ આપવાને બદલે ઉદ્ધત વર્તન કરી સંબંધિત અધિકારીઓને ફરિયાદ કરવાની વાત કહી હતી. આ બાબતે સોશિયલ મીડિયા પર ફરિયાદ નોંધાતા જ પશ્ચિમ રેલવેની મુંબઈ ડિવિઝનલ રેલવે મેનેજર (DRM) કચેરીએ ત્વરિત પ્રતિક્રિયા આપી હતી. રેલવે તંત્રે મુસાફરની માફી માંગતા જણાવ્યું હતું કે,મુસાફરોની ફરિયાદોને રેલવે પ્રશાસન અત્યંત ગંભીરતાથી લે છે.

આ પ્રકરણની પ્રાથમિક તપાસ માટે સ્ટેશન સુપરવાઇઝરને જવાબદારી સોંપવામાં આવી છે. રેલવે તંત્ર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, સમગ્ર મામલાની ઝીણવટભરી તપાસ કરવામાં આવશે. જો તપાસ દરમિયાન કેટરિંગ કોન્ટ્રાક્ટર દ્વારા નિયમોનું ઉલ્લંઘન થયું હોવાનું સાબિત થશે, તો તેમની સામે રેલવેના નિયમો મુજબ કડક દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે. હાલ આ મામલે તપાસ શરૂ કરી દેવામાં આવી છે અને રિપોર્ટ બાદ જ આગળનો નિર્ણય લેવામાં આવશે.

## લાંચ કેસમાં મહિલા સિનિયર ક્લાર્ક રિમાન્ડ પૂરા થતાં લાજપોર જેલભેગી

**ગ્રામ** સેવકોના ટીએ અને એલટીસી બિલ પાસ કરવા લાંચ માંગવામાં અટક થઈ હતી

સુરતઃ જિલ્લા પંચાયતની ખેતીવાડી શાખામાં ફરજ બજાવતા ૪૬ જેટલા ગ્રામ સેવકોના ટી.એ. (ટ્રાવેલિંગ એલાઉન્સ) અને એલ.ટી.સી. (લીવ ટ્રાવેલ કન્સેસન) બિલ પાસ કરવાના અવેજ પેટે રૂપિયા ૬૨,૫૦૦ની લાંચ માંગવાના ગુનામાં પકડાયેલા મહિલા સિનિયર એકાઉન્ટન્ટ ક્લાર્કના બે દિવસના રિમાન્ડ પૂર્ણ થતાં આજે અદાલતે તેમને જ્યુડિશિયલ કસ્ટડી હેઠળ લાજપોર જેલ ભેગા કરવાનો હુકમ કર્યો છે.

સુરત જિલ્લા પંચાયતની ખેતીવાડી શાખામાં સિનિયર એકાઉન્ટન્ટ ક્લાર્ક તરીકે ફરજ બજાવતા રૂપલ પરેશકુમાર ટેલર (ઉં.વ.૪૫) વિરુદ્ધ એન્ટી કરપ્શન બ્યુરો (ACB) માં એક ગંભીર ફરિયાદ નોંધાઈ હતી. ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે, ગ્રામ સેવક તરીકે નોકરી કરતા ૪૬ કર્મચારીઓનું ટી.એ. બિલ પાસ કરવા માટે વ્યક્તિદીઠ રૂ.૧૫૦૦ અને એલ.ટી.સી. બિલ પાસ કરવા માટે વ્યક્તિદીઠ રૂ.૧૦૦૦ લેખે કુલ ૬૨,૫૦૦ રૂપિયાની લાંચની માંગણી આ મહિલા કર્મચારી દ્વારા કરવામાં આવી રહી હતી.

લાંચ માંગવાના કેસમાં ફરિયાદી જ્યારે ઘરે પહોંચ્યા ત્યારે ઘરનો દરવાજો ખોલીને મહિલા અધિકારીના સ્થાને તેમનો પુત્ર જીલ ટેલર લાંચની રકમ લેવા આગળ આવ્યો હતો, જેને ACBની ટીમે રંગેહાથ ઝડપી પાડ્યો હતો. ત્યારબાદ રૂમમાંથી જ તેમની માતા અને મુખ્ય આરોપી રૂપલબેન પણ મળી આવતા પોલીસે બંનેની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ACB પોલીસે મહિલા કર્મચારી રૂપલ ટેલરની ધરપકડ કરી શનિવારે અદાલતમાં રજૂ કર્યા હતા. ગુનાની ઊંડાણપૂર્વક તપાસ કરવા અને અન્ય કોઈની સંડોવણી છે કે કેમ તે જાણવા માટે પોલીસ દ્વારા સાત દિવસના રિમાન્ડની માંગણી કરવામાં આવી હતી. જોકે, બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે આરોપી મહિલાના બે દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

## સુરતની હોટલના રૂમમાંથી દીપડાનું ચામડું ઝડપાયું

**DRIની** કાર્યવાહીથી વન્યજીવ તસ્કરીનો પર્દાફાશ

સુરત : ડિરેક્ટોરેટ ઑફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (DRI) અમદાવાદ અને સુરતની સંયુક્ત ટીમે મળેલી ચોક્કસ ગુપ્ત બાતમીના આધારે વિશેષ ઓપરેશન હાથ ધરી એક હોટલના રૂમમાં દરોડો પાડતાં એક વ્યક્તિ પાસેથી દીપડાનું ચામડું (Leopard Pelt) કબજે કર્યું હતું. વન્યજીવ સંરક્ષણ કાયદા મુજબ દીપડો 'વાઈલ્ડલાઈફ પ્રોટેક્શન એક્ટ, 1972'ની અનુસૂચિ-1 (Schedule-I) હેઠળ આવતો અત્યંત સુરક્ષિત પ્રાણી છે. આ કાયદા હેઠળ દીપડાના ચામડાં અથવા તેના શરીરના કોઈપણ ભાગની ખરીદી, વેચાણ, માલિકી, સંગ્રહ કે પરિવહન કરવું ગંભીર ગુનો ગણાય છે. DRI દ્વારા જપ્ત કરાયેલ દીપડાનું ચામડું વાઈલ્ડલાઈફ પ્રોટેક્શન એક્ટ, 1972ની જોગવાઈઓ હેઠળ સીઝ કરવામાં આવ્યું છે. ત્યારબાદ જપ્ત કરાયેલ વન્યજીવ સામગ્રી તેમજ ઝડપી પાડવામાં આવેલા આરોપીને વધુ તપાસ અને કાયદાકીય કાર્યવાહી માટે સુરત રાજ્ય વન વિભાગના અધિકારીઓને સોંપવામાં આવ્યા છે.

આ ઘટનાએ વન્યજીવોના ગેરકાયદે વેપાર અને તસ્કરી સામે કડક કાર્યવાહી કરવાની જરૂરિયાતને ફરી એકવાર ઉજાગર કરી છે. વન વિભાગ અને તપાસ એજન્સીઓ દ્વારા સમગ્ર રેકેટની દિશામાં વધુ તપાસ હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

## પારડીની દીકરીના હાથમાં 'એરબસ A320' વિમાનની કોકપીટની કમાન

**ક્રિષ્ના** પ્રજાપતિ અમેરિકાની પ્રખ્યાત 'સ્કાયબોર્ન એરલાઇન એકેડેમી'માં ફર્સ્ટ ટ્રાયલે સિલેક્ટ થઈ


અમૃત પટેલ

પારડીઃ કિલ્લા પારડી પંથકની દીકરી ક્રિષ્નાએ આકાશમાં પોતાનો ડંકો વગાડ્યો છે. તે કિલ્લા પારડીની સર્વપ્રથમ મહિલા વિમાનચાલક એટલે કે પાયલોટ બનીને સમગ્ર દક્ષિણ ગુજરાતનું ગૌરવ બની ગઈ છે! ક્રિષ્ના પ્રજાપતિ પારડીની પ્રતિષ્ઠિત 'બી. આર. જે. પી. સ્કૂલ' માંથી શિક્ષણનો મજબૂત પાયો મેળવનાર ક્રિષ્ના જ્યારે પાંચમા ધોરણમાં હતી, ત્યારથી પિતા વિદેશમાં હતા, કિલ્લા પારડીના આ વલસાડી-ઝાંપા વિસ્તારના એક સામાન્ય ઘરમાં રહેતી માતાએ પુરુષ સમોવડી બનીને દીકરીની આંગળી પકડી રાખી. માતાએ બી.આર. જે.પી. સ્કૂલમાં શરૂ થયેલી આ સફરને આકાશ સુધી પહોંચાડવા પીઠબળ પૂરું પાડ્યું.

સામાન્ય પરિવારમાંથી આવતી ક્રિષ્નાએ ભારતની અઘરી DGCA પરીક્ષાઓ માત્ર પાંચ જ મહિનામાં પાસ કરીને સૌને ચોંકાવી દીધા. એટલું જ નહીં, અમેરિકાની પ્રખ્યાત 'સ્કાયબોર્ન એરલાઇન એકેડેમી'માં ફર્સ્ટ ટ્રાયલે સિલેક્ટ થઈ, દેશની અગ્રણી 'ઈન્ડિગો' કંપની સાથે કરાર કર્યો અને અમેરિકાના આકાશમાં 250 કલાકનું સફળ ઉડ્ડયન પૂરું કરીને આ દીકરી ભારત પરત ફરી છે. ટૂંક જ સમયમાં ક્રિષ્ના ઈન્ડિગો એરલાઈન્સના વિશાળકાય 'એરબસ A320' વિમાનની કમાન સંભાળશે અને આકાશ ચીરીને આગળ વધશે. પિતાનો પરસેવો અને માતાની મમતા આજે રંગ લાવ્યા છે.

## રિપેરિંગ માટે આવેલું ઈ-સ્કૂટર ગેરેજ માલિકે વેચી દીધું

**અડાજણના** ગંગેશ્વર મહાદેવ રોડ પર આવેલા હરિઓમ ઓટો ગેરેજના બે સંચાલક સામે ગુનો નોંધાયો

સુરતઃ અડાજણના ગંગેશ્વર મહાદેવ મંદિર રોડ પર આવેલા એક ઓટો ગેરેજમાં રિપેરિંગ માટે મૂકવામાં આવેલું રૂા. ૧.૦૪ લાખની કિંમતનું ઈલેક્ટ્રિક સ્કૂટર ગેરેજ માલિકોએ માલિકની જાણ બહાર બારોબાર વેચી માર્યું હોવાની અથવા તેના સ્પેરપાર્ટ્સ સગેવગે કરી દીધા હોવાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાતા ચકચાર મચી ગઈ છે. સ્કૂટરનો માલિક બે વર્ષથી તેમના ગેરેજ પર ધક્કા ખાતો હતો અંતે કંટાળી તેણે પોલીસ ફરિયાદ કરી હતી.

ભેસ્તાન ભેદવાડ ખાતે આવેલી શ્રીરામ સોસાયટીમાં રહેતા વેપારી તેજસભાઈ દશરથભાઈ પટેલે ગત તા. ૧૦ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ તેમના ભાભી મોનાબેનની માલિકીનું હીરો ઓપ્ટિમા કંપનીનું ઈલેક્ટ્રિક સ્કૂટર (કિંમત રૂા. ૧,૦૪,૦૦૦) રિપેરિંગ કરાવવા માટે અડાજણના ગંગેશ્વર મહાદેવરોડ પર આવેલા હરીઓમ ઓટો ગેરેજમાં જમા કરાવ્યું હતું.

ગેરેજના સંચાલકો મહેશભાઈ રાજેશભાઈ પટેલ ઉર્ફે મીત (રહે. સાંઈનગર સોસાયટી, અડાજણ) અને સંજયભાઈ પટેલે રિપેર કર્યું ન હતું અને બે વર્ષ સુધી તેમને ધક્કા ખવડાવ્યા હતાં. ગેરેજમાં તેમનું સ્કૂટર પણ નહીં દેખાતા ગેરેજ સંચાલકોએ તે વેચી માર્યું છે અથવા તો તેના પાર્ટ્સ છૂટા કરીને વેચી માર્યા છે તેવી શંકાના આધારે તેમણે અડાજણ પોલીસ મથકમાં ગુનો નોંધાવ્યો છે.

## આયાતી ડીઝલ ચોરીનો પર્દાફાશ કસ્ટમ વિભાગનું મેગા ક્રેકડાઉન શરૂ

**SOGએ** 15 હજાર લીટર શંકાસ્પદ ડીઝલ ઝડપી પાડતાં કસ્ટમ વિભાગની આબરૂ ધૂળ ધાણી થઈ, હવે તપાસનું નાટક કરશે

### ઘોડો નાસી ગયા પછી કસ્ટમ નવી હાઈટેક પેટ્રોલિંગ બોટથી હવે દરિયામાં પેટ્રોલિંગ કરશે

સૂત્રોના જણાવ્યા મુજબ, કસ્ટમ વિભાગ પાસે હાલ એક પેટ્રોલિંગ બોટ કાર્યરત છે અને ટૂંક સમયમાં અંદાજે રૂ. 10 કરોડના ખર્ચે નવી હાઈટેક બોટ પણ સેવામાં જોડાશે. આ બોટોની મદદથી સુરતની દરિયાઈ સીમામાં ગોલ્ડ સ્મગલિંગ, કોલસાની હેરાફેરી, ડીઝલ ચોરી તેમજ ડ્રગ્સની તસ્કરી જેવી પ્રવૃત્તિઓ પર વધુ અસરકારક નજર રાખવામાં આવશે.કસ્ટમ અને પોલીસ વિભાગ ટૂંક સમયમાં સંયુક્ત ઓપરેશન શરૂ કરશે.

સુરતઃ સુરતમાં છેલ્લા કેટલાક મહિનાથી ચર્ચામાં રહેલા આયાતી ડીઝલ ચોરીના મોટા રેકેટમાં હવે કસ્ટમ વિભાગે પણ સક્રિય એન્ટ્રી કરતાં સમગ્ર કૌભાંડની તપાસને નવી દિશા મળી છે. સ્થાનિક કસ્ટમ વિભાગ પાસે હેડક્વાર્ટરથી ખુલાસો માંગવામાં આવ્યા પછી અહીંના અધિકારી સક્રિય બન્યા છે.

સુરત શહેર પોલીસની સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) દ્વારા તાજેતરમાં 15,000 લીટર જેટલો શંકાસ્પદ ડીઝલનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યા બાદ કસ્ટમ વિભાગ સતર્ક બન્યો છે.

સૂત્રોના જણાવ્યા મુજબ, કસ્ટમ વિભાગ હવે એ બાબતની ઊંડાણપૂર્વક તપાસ કરી રહ્યો છે કે વિદેશથી આયાત થતાં કન્ટેનરો અને ટેન્કરોમાંથી રસ્તામાં અથવા સ્ટોરેજ પ્રક્રિયા દરમિયાન ડીઝલની ચોરી કેવી રીતે આચરવામાં આવી રહી છે. જો આયાતી જથ્થામાંથી ડીઝલ ગેરકાયદેસર રીતે કાઢી લેવામાં આવતું હોય તો તે માત્ર ચોરીનો જ નહીં પરંતુ સરકારની આવકને સીધી અસર કરતો ગંભીર આર્થિક ગુનો પણ ગણાય છે.ડીઝલ ચોરીના આ કૌભાંડમાં આયાતકારો, ટ્રાન્સપોર્ટર્સ અને સ્થાનિક સ્તરે કાર્યરત ગેરકાયદેસર નેટવર્ક વચ્ચે કોઈ મિલીભગત છે કે નહીં તે હવે તપાસનો કેન્દ્રબિંદુ બનશે. SOG અને કસ્ટમ વિભાગ વચ્ચે સંકલન વધારવામાં આવી રહ્યું છે અને ટૂંક સમયમાં સંયુક્ત તપાસ દ્વારા સમગ્ર રેકેટનો પર્દાફાશ કરવામાં આવે તેવી શક્યતા છે. આગામી દિવસોમાં કસ્ટમ વિભાગની કાર્યવાહીથી અનેક નવા ખુલાસા થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

પોલીસ તપાસમાં એવું પણ સામે આવ્યું છે કે ચોરીનું ડીઝલ દરિયાકાંઠાના વિસ્તારોમાં આવેલા ઝીંગા ઉછેરના તળાવોમાં મોટર અને અન્ય સાધનો ચલાવવા માટે મોટા પ્રમાણમાં વપરાતું હતું. સસ્તા ભાવે મળતા ઈંધણના કારણે આવા ગેરકાયદેસર વેપારને પ્રોત્સાહન મળતું હોવાનું પણ માનવામાં આવે છે. કસ્ટમ વિભાગની નિયમિત પ્રક્રિયા મુજબ, હજીરા સહિતના પોર્ટ પર પહોંચતા આયાતી ઈંધણની સંપૂર્ણ માપણી અને ગણતરી કરવામાં આવે છે. જથ્થાની નોંધણી બાદ જ માલ બહાર લઈ જવાની મંજૂરી આપવામાં આવે છે. કસ્ટમ ડ્યુટી ભર્યા વિના કોઈપણ આયાતી ઈંધણને વેરહાઉસની બહાર જવા દેવામાં આવતું નથી.

આવા કડક નિયમો હોવા છતાં જો માર્ગમાં અથવા સ્ટોરેજ દરમિયાન ડીઝલની ચોરી થઈ રહી હોય તો તેમાં અનેક સ્તરે સંડોવણી અને બેદરકારીના પ્રશ્નો ઊભા થયા છે. કસ્ટમ વિભાગ હવે સમગ્ર સપ્લાય ચેઈનની તપાસ કરીને જવાબદારોને શોધવાની તૈયારીમાં છે.

## સાડીનું ૧૫.૩૪ લાખનું પેમેન્ટ કરવાને બદલે વેપારીને ફટકાર્યો

સુરતઃ ગોડાદરાના ખોડિયાર ચાર રસ્તા નજીક આવેલી સાલાસાર રેસિડેન્સીમાં રહેતા શંકરસિંહ રતનસિંહ દસાના માનસરોવર સોસાયટી પાસે વાસ્તુવિલા સોસાયટીમાં ભગવતી ક્રિએશન નામે સાડીનો વેપાર કરે છે. ગોડાદરાની જ લક્ષ્મીનારાયણનગર સોસાયટીમાં રહેતા કાલુદાસ સોહનદાસ વૈષ્ણવે તેમની પાસેથી ૧૫,૩૪,૫૭૩ લાખની સાડી ખરીદ્યા બાદ પેમેન્ટ આપવાના બદલે તેમને કોલર પકડી માર માર્યો હતો અને ફરી ઉઘરાણી કરશે તો મારી નાંખવાની ધમકી આપી હતી.

## ખાડીપૂર નિવારણ: જીંગા તળાવો દૂર કરવાની કામગીરી માત્ર 5 ટકા !

**મિંઢોળા** નદીના મુખે જીંગા તળાવ યથાવત રહેતાં પૂરનું જોખમ; કામગીરીની સમીક્ષા કરાઈ

### કેટલાં રેઇન વોટર હાર્વેસ્ટિંગ યુનિટ બન્યાં? સ્થાયી અધ્યક્ષે અધિકારીઓને આડે હાથ લીધા

આગામી ચોમાસાને ધ્યાનમાં રાખીને યોજાયેલી પ્રી-મોન્સૂન સમીક્ષા બેઠકમાં શહેરના નીચાણવાળા અને દર વર્ષે વોટર લોગિંગની સમસ્યા અનુભવતા વિસ્તારોમાં રેઇન વોટર હાર્વેસ્ટિંગ યુનિટ સ્થાપવાની કામગીરી મુદ્દે સ્થાયી સમિતિના અધ્યક્ષ રાજન પટેલે મનપા તંત્રને આડે હાથ લીધું હતું. ગત વર્ષે આપવામાં આવેલી સ્પષ્ટ સૂચનાઓ અને પૂરતા નાણાંકીય ફાળવણી છતાં કેટલા યુનિટ કાર્યરત કરાયા તેની ચોક્કસ માહિતી તંત્ર પાસે ઉપલબ્ધ ન હોવાનું સામે આવતાં તેમણે અધિકારીઓને ખખડાવ્યા હતા. બેઠક દરમિયાન રાજન પટેલે પ્રશ્ન ઉઠાવ્યો હતો કે શહેરના વોટર લોગિંગવાળા વિસ્તારોમાં વરસાદી પાણીના સંગ્રહ અને ભૂગર્ભ જળ રિચાર્જ માટે રેઇન વોટર હાર્વેસ્ટિંગ યુનિટ ઊભા કરવાની કામગીરી કેટલી પૂર્ણ થઈ છે. જોકે સંબંધિત વિભાગો પાસે તેની સંકલિત માહિતી ન હોવાથી અધિકારીઓ સંતોષકારક જવાબ આપી શક્યા નહોતા. જેના પગલે સ્થાયી અધ્યક્ષે મનપા કમિશનરને તમામ ઝોન પાસેથી વિગતવાર માહિતી મેળવી રજૂ કરવા સૂચના આપી હતી. ચર્ચા દરમિયાન સામે આવ્યું હતું કે કેટલાક ઝોનમાં નિર્ધારિત વિસ્તારોમાં હજુ સુધી રેઇન વોટર હાર્વેસ્ટિંગ યુનિટ સ્થાપવાની કામગીરી શરૂ પણ કરવામાં આવી નથી. જ્યારે કેટલાક વિસ્તારોમાં આવી વ્યવસ્થા ઊભી કર્યા બાદ વરસાદી પાણી ભરાવાની સમસ્યામાં ઘટાડો થયો હોવાના સકારાત્મક પરિણામો પણ મળ્યા છે. તેમ છતાં કેટલાક ઝોન દ્વારા કામગીરીમાં અપેક્ષિત ગંભીરતા દાખવવામાં આવી નથી.ચોમાસા દરમિયાન શહેરમાં પાણી ભરાવાની સમસ્યા ઘટાડવા માટે રેઇન વોટર હાર્વેસ્ટિંગને અસરકારક ઉપાય ગણાવતા સ્થાયી સમિતિના અધ્યક્ષે તમામ ઝોનને કામગીરી ઝડપથી પૂર્ણ કરવા અને આગામી બેઠકમાં ચોક્કસ આંકડાકીય માહિતી સાથે હાજર રહેવા તાકીદ કરી હતી.

સુરત : આગામી ચોમાસાને ધ્યાનમાં રાખીને સુરત મહાનગરપાલિકાના આઈસીસીસી ખાતે મેયરની અધ્યક્ષતામાં પ્રી-મોન્સૂન કામગીરીની સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં મનપા કમિશનર એમ. નાગરાજન, સ્થાયી સમિતિના ચેરમેન રાજન પટેલ, ડેપ્યુટી મેયર, શાસક પક્ષના નેતા તેમજ વિવિધ ઝોન અને વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

બેઠકમાં શહેરમાં હાથ ધરાયેલી પ્રી-મોન્સૂન કામગીરી, ખાડી સફાઈ, ડ્રેજિંગ, વોટર લોગિંગ નિવારણ અને ખાડીપૂર સામેની તૈયારીઓની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. જેમાં જીંગા તળાવો દૂર કરવાની કામગીરી માત્ર 5 ટકા થઈ હોવાનું બહાર આવ્યું હતું.

મનપા તંત્ર દ્વારા રજૂ કરાયેલા પ્રેઝન્ટેશન મુજબ વરસાદી જાળીયાની સફાઈ, સ્ટોર્મ વોટર લાઈન અને ડ્રેનેજ સિસ્ટમની સફાઈ, નીચાણવાળા વિસ્તારોમાં આગોતરા પગલાં સહિતની મોટાભાગની પ્રી-મોન્સૂન કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

શહેરની ખાડીઓમાં પ્રથમ રાઉન્ડમાં 95,508 મીટર અને બીજા રાઉન્ડમાં 85,698 મીટર લંબાઈમાં સફાઈ કામગીરી કરવામાં આવી હોવાનું જણાવાયું હતું. દરેક ઝોનમાં ચોમાસાના અંત સુધી કંટ્રોલ રૂમ કાર્યરત રાખવા તેમજ ડી-વોટરિંગ પંપ સહિતની તમામ સાધનસામગ્રી તૈયાર રાખવા સૂચના અપાઈ છે.

જોકે બેઠક દરમિયાન સૌથી વધુ ચર્ચા ખાડીપૂર નિવારણ અને મીંઢોળા નદીના મુખ પાસે આવેલા ગેરકાયદેસર જિંગા તળાવોને લઈને થઈ હતી.

### ચોમાસામાં પાણી ભરાય તો જવાબદારી નક્કી કરાશે

વરસાદ દરમિયાન જાળીયા પર કચરો જમા થવાથી પાણીના નિકાલમાં અવરોધ ઉભો થતો હોવાથી દરેક ઝોનમાં નિર્ધારિત બેલદારોને જાળીયાની નિયમિત સફાઈની જવાબદારી સોંપવાનો નિર્ણય લેવાયો હતો. સાથે જ આગામી વર્ષથી વરસાદી જાળીયાની ડિઝાઇનમાં ફેરફાર કરવાની સંભાવના અંગે પણ ચર્ચા થઈ હતી. પદાધિકારીઓએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે આ વર્ષે ચોમાસા દરમિયાન શહેરમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાય નહીં તે માટે તમામ વિભાગોએ સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરવી પડશે. જો બેદરકારીના કારણે પાણી ભરાવાની સમસ્યા સર્જાશે તો સંબંધિત અધિકારીઓની જવાબદારી નક્કી કરવામાં આવશે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### સોલાર પ્લાન્ટ...

તેમની સરકારી કારમાંથી રૂ. 5.51 લાખથી વધુની રોકડ રકમ અને ગિફ્ટ વાઉચરો મળી આવ્યા હતા. ત્યારબાદ ગાંધીનગર અને સુરત સ્થિત તેમના રહેણાંક મકાનોમાં સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. દરોડા દરમિયાન બંને મકાનો અને સરકારી વાહનમાંથી કુલ રૂ. 1.76 કરોડથી વધુની રોકડ રકમ મળી આવી હતી. ઉપરાંત સોના-ચાંદીના દાગીના, સોનાની લગડીઓ અને સિક્કાઓ સહિત અંદાજે રૂ. 88.82 લાખની કિંમતનો મુદ્દામાલ પણ જપ્ત કરવામાં આવ્યો હતો. આમ કુલ મળીને રૂ. 2.64 કરોડથી વધુની રોકડ અને કિંમતી સંપત્તિ મળી આવી છે.

એસીબીના નાયબ નિયામક ભારતી પંડ્યાએ જણાવ્યું હતું કે અશ્વિન ચૌધરી છેલ્લાં ચાર વર્ષથી મુખ્ય વિદ્યુત નિરીક્ષક તરીકે ફરજ બજાવી રહ્યા હતા. તપાસ દરમિયાન એવી વિગતો પણ સામે આવી છે કે તેમણે માત્ર એક અઠવાડિયામાં 100થી વધુ ફાઈલો ક્લિયર કરી હતી. હવે આ તમામ ફાઈલોની વિગતવાર તપાસ કરવામાં આવશે. સાથે જ તેમની સાથે કોઈ એજન્ટ અથવા મધ્યસ્થીઓ સંકળાયેલા હતા કે કેમ તે અંગે પણ તપાસ ચાલી રહી છે.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે લાંચની કોઈ નિશ્ચિત રકમ નક્કી નહોતી, પરંતુ અરજદારો અને કંપનીઓ સાથે થયેલી ડીલ મુજબ રકમ વસૂલવામાં આવતી હતી. પૂછપરછ દરમિયાન ચૌધરી તેમની પાસે મળી આવેલી કરોડોની સંપત્તિ અંગે સંતોષકારક ખુલાસો આપી શક્યા નહોતા. આ સમગ્ર મામલે અશ્વિન બી. ચૌધરી સામે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ-2018 હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. એસીબી હવે તેમની આવકના સ્ત્રોતો, સંપત્તિની વિગતો તેમજ તેમણે મંજૂર કરેલી ફાઈલોની ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે. ઉલ્લેખનીય છે કે નિવૃત્તિને માત્ર આઠ મહિના બાકી હોવા છતાં મુખ્ય વિદ્યુત નિરીક્ષક જેવા મહત્વપૂર્ણ હોદ્દા પર રહેલા અધિકારી સામે થયેલી આ કાર્યવાહી રાજ્યના સરકારી તંત્રમાં ચર્ચાનો વિષય બની છે.

### દ.ગુ.ની...

છે કે માત્ર એક અઠવાડિયાના ગાળામાં લગભગ 100 જેટલી સોલાર પ્રોજેક્ટ ફાઇલો મંજૂર કરવામાં આવી હતી. એસીબીને શંકા છે કે અનેક કિસ્સાઓમાં ફરજિયાત સ્થળ નિરીક્ષણ કર્યા વિના જ NOC અને મંજૂરીઓ અપાઈ હતી. નિયમ મુજબ સોલાર પ્રોજેક્ટ માટે સ્થળ પર જઈ ટેકનિકલ અને સલામતી ચકાસણી કરવી આવશ્યક હોય છે, પરંતુ આરોપ છે કે ચૌધરી પોતાની ઓફિસમાં બેઠા બેઠા જ અરજદારોને મંજૂરી આપતા અને તેના બદલામાં લાંચની રકમ વસૂલતા હતા.

સુરત અને દક્ષિણ ગુજરાતમાં છેલ્લા કેટલાક વર્ષોમાં સોલાર પ્રોજેક્ટોમાં મોટા પ્રમાણમાં રોકાણ થયું છે. ઔદ્યોગિક એકમો, ટેક્સટાઇલ ઉદ્યોગો અને ખાનગી ડેવલપરો દ્વારા મેગાવોટ સ્તરના પ્રોજેક્ટો ઉભા કરવામાં આવ્યા છે. તેથી તપાસનો વ્યાપ વધતા હવે સવાલ ઉઠી રહ્યો છે કે શું કેટલાક પ્રોજેક્ટોને નિયમો વિરુદ્ધ ઝડપથી મંજૂરી અપાઈ હતી અને તેમાં કયા કયા અરજદારો, કન્સલ્ટન્ટો, કોન્ટ્રાક્ટરો કે મધ્યસ્થીઓ સામેલ હતા.

હાલ સુધી કોઈ સોલાર કંપની કે ડેવલપરને આરોપી તરીકે જાહેર કરવામાં આવ્યા નથી અને કોઈ ચોક્કસ કંપની સામે સીધો પુરાવો પણ રજૂ થયો નથી. તેમ છતાં તપાસ એજન્સીઓ મંજૂર કરાયેલી ફાઇલો, નાણાકીય વ્યવહારો, બેન્ક ટ્રાન્ઝેક્શન અને દસ્તાવેજોની ઊંડાણપૂર્વક ચકાસણી કરી રહી છે. તપાસકર્તાઓનું માનવું છે કે કથિત ગેરરીતિઓ કોઈ મોટા નેટવર્કનો ભાગ હોઈ શકે છે.

### CNGના ભાવ...

મુખ્ય માંગ છે. જો માંગણીઓ અંગે વહેલી તકે યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે તો આગામી દિવસોમાં વધુ ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે. શહેરના દૈનિક પરિવહનમાં રિક્ષા સેવા મહત્વની કડી હોવાથી હડતાળની સીધી અસર જનજીવન પર જોવા મળી હતી. હાલ મુસાફરો અને રિક્ષાચાલકો બંનેની નજર સરકાર અને સંબંધિત તંત્રના આગામી નિર્ણય પર ટકેલી છે.

### JEEએડવાન્સમાં...

JEE મેઈન્સને અંતિમ લક્ષ્ય બનાવ્યું જ નહોતું. તેની નજર શરૂઆતથી જ JEE એડવાન્સ્ડ પર હતી. પરિણામે મેઈન્સના સ્કોર કે રેન્કને લઈને તેણે કોઈ દબાણ લીધું નહીં અને પોતાની ઊર્જા સતત શીખવા તથા ભૂલોમાં સુધારો કરવા પાછળ લગાવી. વિશેષ વાત એ છે કે શૌર્યનો શૈક્ષણિક પ્રવાસ પણ સામાન્ય ટોપર્સથી અલગ રહ્યો છે. ધોરણ-7માં માત્ર 50 ટકા ગુણ મેળવનાર વિદ્યાર્થી આજે દેશની સૌથી કઠિન ગણાતી એન્જિનિયરિંગ પ્રવેશ પરીક્ષામાં ટોપ-50માં સ્થાન મેળવવામાં સફળ રહ્યો છે. આ સિદ્ધિ એ વાતનો પુરાવો છે કે શરૂઆતના પરિણામો ભવિષ્ય નક્કી કરતા નથી, પરંતુ સતત મહેનત અને યોગ્ય દિશા સફળતા અપાવે છે. શૌર્ય જણાવે છે કે તેની તૈયારીનું સૌથી મોટું રહસ્ય 'પ્રેશર-ફ્રી અભ્યાસ'હતું. તેણે રોજિંદા અભ્યાસ દરમિયાન રેન્ક અથવા સ્પર્ધાની ચિંતા કરતાં વિષયને સમજવા અને મોક ટેસ્ટમાં થયેલી ભૂલોનું વિશ્લેષણ કરવા વધુ મહત્ત્વ આપ્યું. તે જુનિયર વિદ્યાર્થીઓને પણ સોશિયલ મીડિયા અને સ્માર્ટફોનથી શક્ય તેટલા દૂર રહી નિયમિત રિવિઝન કરવાની સલાહ આપે છે.

### એર ઇન્ડિયા...

પ્રવાસીઓને મળશે. આ ફ્લાઈટ સુરતથી રાતે 02.10 કલાકે ઉપડી સવારે 05.15 કલાકે દુબઈ પહોંચશે, દુબઈથી પરત 06.40 કલાકે ઉડાન ભરી સુરત 09.50 કલાકે પહોંચશે.

દુબઈમાં મોટાભાગની હોટેલોમાં બપોરે 2 વાગ્યાથી જ ચેક-ઈનની મંજૂરી આપવામાં આવે છે. પરિણામે સવારે 6થી 8 વાગ્યે દુબઈ પહોંચેલા પ્રવાસીઓને સીધા રૂમમાં પ્રવેશ મળતો નથી. જો તરત રૂમ જોઈએ તો અગાઉની રાત્રિનું પણ બુકિંગ કરાવવું પડે છે. એટલે કે એક દિવસ પહેલાથી રૂમ બુક કરાવ્યા વગર આરામથી હોટેલમાં એન્ટ્રી મળવી મુશ્કેલ બની રહે છે.

### એક દિવસ...

કરાવે છે, જેના કારણે પ્રવાસ ખર્ચમાં હજારો રૂપિયાનો વધારો થઈ જાય છે. મોટાભાગની ફ્લાઈટો મોડી રાત્રે અથવા વહેલી સવારે હોવાના કારણે હોટેલોમાં બપોરે 12 વાગ્યે ચેકઆઉટ કરવું પડે છે. ત્યારબાદ મુસાફરોને પોતાનો સામાન હોટેલના લગેજ રૂમમાં મૂકીને રાત્રે 1-2 વાગ્યા સુધી બહાર સમય પસાર કરવો પડે છે.

### ગણતરી ડિજિટલ...

કામગીરીમાં અનાદર ગણાતા આ મામલે વસ્તીગણતરી વિભાગે પોલીસનો સહારો લેવો પડ્યો હતો. પીપલોદ પોલીસ મથકે પત્ર પાઠવી સંબંધિત કર્મચારીઓને હાજર કરાવવા માંગ કરવામાં આવી હતી. પોલીસ ફરિયાદની જાણ થતાં જ સંસ્થાએ જરૂરી સ્ટાફ મોકલવાની બાહેધરી આપતાં હાલ માટે ફરિયાદની કાર્યવાહી સ્થગિત રાખવામાં આવી છે.

ભાવભીની શ્રધ્ધાંજલિ



સ્વ. હરેશભાઈ ઠાકોરભાઈ પટેલ
સ્વ.તા.૨૫-૦૫-૨૦૨૬

સદા કોઈ રહેવા આવ્યું નથી પણ તમે ગયા તેમ કોઈ જતું નથી, વિદાય એવી લીધી કે મન માનતું નથી. અણધારી તમારી આ વિદાય કાળજું કંપાવી ગઈ, તમારો હસમુખો ચહેરો નજર સામેથી ખસતો નથી. પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના સાથે સ્નેહભરી હાર્દિક શ્રદ્ધાંજલિ.

લિ.
બળવંતભાઈ છીતુભાઈ પટેલ
જયનાબેન બળવંતભાઈ પટેલ
રોબીન બળવંતભાઈ પટેલ
વેલીશા ધ્રુવ પટેલ
ભરથાણા (વેસુ)